વાત છે વિકાસની : પશુપાલકોના વિશ્વાસની ...
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India
Dudhsagar The Pride of India
અંક - ૦૪ | ઓક્ટોમ્બર - ૨૦૨૧
www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## ગુજરાતનું સહકારી ક્ષેત્ર અને આપણી દૂધસાગર એટલે

# અપ્પ દીપો ભવ:



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

દેશ અને દુનિયામાં ગુજરાત તેની ગૌરવવંતી સહકારી પ્રવૃતિથી નામાંકિત છે. ગુજરાત એ સહકારી પ્રવૃત્તિના પાયામાં તેના પિયર સમાન છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે એક નવું "સહકાર મંત્રાલય" શરૂ કરીને દેશભરમાં સહકારી ક્ષેત્રને વધુ તંદુરસ્ત બનાવવાની દિશામાં જે કદમ ઉઠાવ્યું છે તે તેનું દૂધસાગર પત્રિકા સ્વાગત કરે છે. નવા મંત્રાલય થકી ગુજરાત જેવી નમૂનેદાર સહકારી પ્રવૃત્તિ સમગ્ર દેશમાં વિકસે - વિસ્તરે તે દેશના તથા પ્રજાના હિતમાં છે. આઝાદ ભારતમાં સહકારી ક્ષેત્રની મહાકાય સંસ્થાઓનો વિકાસ થવા પામ્યો છે. દૂધ, કપાસ, તેલ અને ખાંડના ક્ષેત્રમાં પણ સહકારીતા એ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

૧૦૦ વર્ષ વટાવી ચૂકેલી ગુજરાતની સહકારી પ્રવૃત્તિના પાયામાં ગાંધીજી, સરદાર પટેલ અને મોરારજી દેસાઈનું નોંધપાત્ર યોગદાન છે. ગુજરાતમાં દૂધ અને બેન્કીંગ ક્ષેત્રે સફળ રહેલી સહકારી વ્યવસ્થાએ દેશભરમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. ગુજરાતમાં ૧૮૮૯ માં વડોદરામાં સૌ પ્રથમ અન્યોન્ય સહકારી મંડળી સ્થપાઈ હતી. ૧૯૦૪ માં અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના વિશાલપુર ગામે ધિરાણ મંડળી રચાઈ હતી. ત્યારબાદ વલસાડના વેગામમાં સહકારી મંડળી બની હતી. ૧૯૨૧ માં સુરતના સોસઠ ગામે કપાસ વેચાણ સહકારી મંડળી રચાઈ હતી. અમૂલની સ્થાપના પહેલાં સુરતમાં ચોર્યાસી ખાતે સૌ પ્રથમ અવિધિસરની દૂધ એકત્ર કરવાની મંડળી રચાઈ હતી.

**આગામી નજીકના ભવિષ્યમાં દૂધસાગર જેવી કદાવર સહકારી સંસ્થા હિમાચલ પ્રદેશ જેવા દુર્ગમ પહાડી વિસ્તારોમાં ઉત્તર ગુજરાતના દૂધને પહોંચાડવા પ્રયત્નશીલ બની છે.**

૧૯૬૧ માં ગુજરાતમાં ૧૩૯૫૯ સહકારી મંડળીઓ હતી. જેની સંખ્યા ૨૦૨૦ માં ૮૧૪૬૮ થઈ છે. આ બાબત ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિના વિકાસનો સંગીન પૂરાવો છે. આજે એક જમાનામાં ગુજરાતમાં ૪૧ નાગરિક બેંકો હતી જે આજે ૨૨૫ થઈ ગઈ છે. ભૂતકાળમાં માત્ર દૂધની ૩૦૮ મંડળીઓ હતી જે આજે ૧૮૬૦૦ થઈ જવા પામી છે. એવી જ રીતે ખાંડના માત્ર ૩ સહકારી કારખાના હતા જે હાલમાં ૩૦ થવા પામ્યા છે. ગૃહ સહકારી મંડળીઓ અગાઉ ૧૫૨૪૪ હતી જે આજે ૧૭૬૪૨ છે. એ જ રીતે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ ૯૯૯૯, બિનકૃષિ ધિરાણ મંડળીઓ ૩૭૬૪, સિંચાઈ મંડળીઓ ૪૭૮૦, મજૂર મંડળીઓ ૩૭૬૪, માર્કેટિંગ મંડળીઓ ૨૩૬૨, બિનકૃષિ ધિરાણ મંડળીઓ ૬૨૫૭, મધ્યસ્થ જિલ્લા બેંકો ૧૮ ને એક ટોચની રાજ્ય સહકારી બેંક છે. આમ ઉત્તરોઉત્તર ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધ્યો છે.

ગુજરાતમાં દૂધની સહકારી પ્રવૃત્તિ ગામે ગામ વિસ્તરી છે. રાજ્યમાં

૧૮ જિલ્લા દૂધસંઘો સાથે ૧૮૬૦૦ જેટલી દૂધમંડળીઓથી પ્રત્યક્ષ રીતે ૩૬ લાખ દૂધ ઉત્પાદકો જોડાયેલા છે જે સહકારી ક્ષેત્રના એક વિશાળ સાગર સમાન પરિવારનું પ્રતિનિધિત્વ કરે છે. આજે ગુજરાતનું દૂધ દિલ્હી સુધી પહોંચ્યું છે તો આગામી નજીકના ભવિષ્યમાં દૂધસાગર જેવી કદાવર સહકારી સંસ્થા હિમાચલ પ્રદેશ જેવા દુર્ગમ પહાડી વિસ્તારોમાં ઉત્તર ગુજરાતના દૂધને પહોંચાડવા પ્રયત્નશીલ બની છે. હાલમાં ગુજરાતના દૂધસાગર અને બનાસ જિલ્લા સંઘોએ દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પણ ડેરીઓ સ્થાપી છે. અને તેઓ બીજા રાજ્યોમાંથી પણ દૂધ એકત્ર કરે છે. દૂધની બનાવટોના વેચાણ માટે મિલ્ક માર્કેટીંગ ફેડરેશન તમામ વ્યવસ્થા સંભાળે છે. દેશના ૨૮ રાજ્યોમાં મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અસ્તિત્વ ધરાવે છે. દેશમાં વર્તમાન સમયે ૧૮૫૯૦૩ જેટલી દૂધ મંડળીઓ અને ૧૬૬ લાખ દૂધ ઉત્પાદકો છે. આમ, દૂધના ક્ષેત્રમાં વિસ્તરેલી સહકારી પ્રવૃતિ આજે સમગ્ર ભારત દેશ માટે દિશાસૂચક અને પ્રેરણા દાયી બની છે.

ગુજરાતમાં તો દૂધ સંઘો પશુપાલકોને પશુપાલન માટે ઉપયોગી નાણાકિય તેમજ સાધનો સહિતની અનેક પ્રકારની સગવડો પૂરી પાડે છે. દૂધસાગર ડેરીએ વર્તમાન સમયમાં શરૂ કરેલ "પશુલોન યોજના" અને દૂધસાગરની સમાંતર વિક્સાવેલ "દૂરડા" જેવી વહિવટીય વ્યવસ્થાઓ તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વિવિધ સંઘો પશુદાણ બનાવીને વ્યાજબી ભાવે દૂધ ઉત્પાદકોને પુરૂં પાડે છે જેમાં દૂધસાગરની બનાવટ એવું "સાગરદાણ" આજે પશુદાણ તરીકે સર્વશ્રેષ્ઠ પસંદગી પામી રહ્યું છે. વર્તમાન સમયે દૂધસાગર પ્રશાસન દ્વારા "મકાઈ ભરડો" એક ઉત્તમ પશુ આહાર તરીકે પશુપાલકોની પસંદગી બન્યો છે. આ સહકારી ડેરીઓ દૂધની આવક સીધી દૂધઉત્પાદકોના ખાતામાં જમા થાય તેવું આધુનિકરણ અપનાવી ચુકી છે. તો દૂધસાગર ડેરી હવે પેપરલેસ વ્યવહારો તથા "ડિજીટલ દૂધસાગર" બનવા તરફ નિતનવા કદમ ઉઠાવી રહી છે. રાજ્યની ઘણી દૂધમંડળીઓનું સુકાન માત્ર બહેનો સંભાળે છે. એક સર્વે પ્રમાણે વર્તમાન સમયમાં "આત્મનિર્ભર મહિલા અને મહિલા સશક્તિકરણ " નું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ દૂધનું આ સહકારી ક્ષેત્ર પુરુ પાડી રહ્યું છે.

ગુજરાતમાં સહકારી ક્ષેત્ર વિક્સાવવામાં વૈકુઠરાય મહેતા, ઉદય ભાણસિંહજી, ત્રિભુવનદાસ પટેલ, ડૉ.કુરિયન, સાંકળચંદ પટેલ, માધવલાલ શાહ, બળદેવભાઈ ડોસાભાઈ, માનસિંહભાઈ પટેલ, ગલબાભાઈ પટેલ, ભૂરાભાઈ પટેલ, દ્વારકાદાસ પટેલ, પ્રમોદભાઈ દેસાઈ, લાલભાઈ નાયક, દયાજીભાઈ પટેલ, અંબુભાઈ પટેલ, મોતીભાઈ ચૌધરી, જશવંતલાલ શાહ, આશાબેન પટેલ, નટુભાઈ પટેલ, જયરામભાઈ પટેલ, આત્મારામ પટેલ, વલ્લભભાઈ પટેલ, દયાશંકર ત્રિવેદી, અમિચંદભાઈ પટેલ, મગનભાઈ પટેલ અને બંસીભાઈ પંડ્યા જેવા અનેક સદગત આગેવાનોની વિવિધ ક્ષેત્રના સહકારી સ્થંભ મજબૂત કરવામાં પાયાની ભૂમિકા છે.

સહકારી ક્ષેત્ર ગ્રામીણ ભારતના વિકાસનું કલ્પવૃક્ષ છે. ત્યારે હવે જ્યારે ભારતની મોદી સરકારે અલગ સહકારી મંત્રાલય બનાવ્યું છે અને તેના મંત્રી પણ ગુજરાતના શ્રી. અમિત શાહ છે ત્યારે ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે "મોસાળમાં જમવાનું અને મા પીરસનાર" તેવી સુવર્ણ સ્થિતિનું નિર્માણ થયું છે. દેશની સાથે સાથે ગુજરાતની સહકારી પ્રવૃત્તિઓ સામે અનેક પડકારો અને પ્રશ્નો પણ છે. વર્તમાન સમયે સહકારી ક્ષેત્ર અનેક સુધારા પણ માગે છે. અન્ય ક્ષેત્રોની પેઠે તેની પણ ઘણી મર્યાદાઓ છે. તે સુધારવા સમગ્ર દેશ માટે એક સહકારી મોડલ એક્ટની જરૂર છે. જેને કેન્દ્રમાં રાખીને અલગ-અલગ રાજ્યો પોતાની ભૌગોલિક પરિસ્થિતી અને જન માનસનો અભ્યાસ કરી કાયદામાં યોગ્ય સુધારા વધારા કરી શકે તેવો અવકાશ પણ રાખવો પડશે!

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (દૂધસાગર ડેરી) ના વર્તમાન ચેરમેન શ્રી.અશોક ચૌધરી "દૂધસાગર પત્રિકા "સાથે પોતાના વિચારો રજૂ કરતા જણાવે છે કે ; મોદી સરકારે ઉભુ કરેલ સહકાર મંત્રાલયનું અમો એક દિગ્ગજ સહકારી સંસ્થા તરીકે સ્વાગત કરીએ છીએ. સરકાર સહકારી પ્રવૃત્તિઓને સહાય કરે અને "શાસન એ સહકારી સંસ્થાની પ્રાણદાતા પ્રણાલી બને" તે સુત્ર બનાવી સહકારી ક્ષેત્રના આ વિશાળ આકાશમાં વિકાસના મેઘધનુષી રંગો પૂરાય તે સમયની જરૂરીયાત છે. સરકારી શક્તિ અને સહકારી શક્તિ સાથે મળી કામ કરશે તો ગ્રામીણ ભારતના અર્થતંત્રને રોકેટગતિએ આગળ લઈ જવામાં તેમણે પોતાની સંપૂર્ણ શ્રધ્ધા પ્રગટ કરી છે.

ગાંધીજીએ કહ્યું હતું કે, સહકારી ક્ષેત્રને સફળ બનાવવાની ચાવી એ છે કે તેના સભ્યો પ્રમાણિક હોવા જોઈએ. સહકારી સંસ્થાઓની વ્યવસ્થા અપ્રમાણિક લોકોના હાથમાં હોય અને તેનો આદર્શ શંકાસ્પદ હોય ત્યારે તેનું પરિણામ ઘણે ભાગે હાનીકારક નિવડ્યું છે. સરદાર વલ્લભભાઈએ કહ્યું હતું કે, સહકારી મંડળીની સફળતા માટે તેમાં જોડાયેલા તમામ સભ્યો નિસ્વાર્થ અને નિષ્ઠાવાન હોવા જોઈએ. મહેસાણાની દૂધસાગર ડેરી વર્તમાન સમયે "પારદર્શી વહિવટ"ને પોતાનું સુત્ર બનાવી ઈ-ટેન્ડર અને વિવિધ ટેક્નોલોજીનો ઉપયોગ કરી તમામ ખરીદીઓ દ્વારા દૂધસાગરનું ઉજ્જવળભાવી લખવા પ્રયત્નશીલ બની છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલ "સહકાર મંત્રાલય" અને તેના યશસ્વી મંત્રી શ્રી.અમિતભાઈ શાહ વિવિધ સહકારી ક્ષેત્રોની સાથે દૂધની આ વિશાળ સહકારી પ્રવૃત્તિને પણ વેગ આપે તેવી પશુપાલકોમાં લાગણી પ્રર્વતી રહી છે. ગુજરાતમાં સહકારી ક્ષેત્રની ગાથા દર્શાવતું એક સુંદર મ્યુઝિયમ બનાવવામાં આવે તો ભાવિ પેઢી તેમાંથી પ્રેરણા લઈ પવિત્ર એવા સહકારી ક્ષેત્રને વધુ સમજી શકે! હાલમાં તો ઉત્તર ગુજરાતના સાડા ત્રણ જીલ્લાઓના છ લાખ પશુપાલકો આ સહકારી ક્ષેત્રના આ દિપકને પ્રજ્વલિત રાખી સંસ્કૃતના આ શ્લોકને જીવંત કરી રહ્યા છે : अप्प दीपो भवः



## દૂધસાગરના ૧,૫૧,૦૦૦ લીલા છોડવાઓ બોલ્યા



# Happy Birthday

# પ્રધાનમંત્રીજી

## નમોત્સવ

## ૧૭ સપ્ટેમ્બર : ૨૦૨૧

(અહેવાલ : દૂધ સાગર પત્રિકા)

ઉત્તર ગુજરાતના પનોતા પુત્ર અને વિશ્વ પ્રસિધ્ધ ભારત દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીના ૭૨ મા જન્મ દિવસને મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) પ્રશાસન દ્વારા "નમોત્સવ" દિવસ તરીકે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીશ્રી ની જન્મભૂમિ એવી ઉત્તર ગુજરાતની વસુંધરાને હરિયાળીધરતી બનાવવાના સંકલ્પ સાથે દૂધ સાગરના કાર્યક્ષેત્રમાં આવતા વિવિધ મિલ્કશેડ એરિયામાં ૧૫૧૦૦૦ વૃક્ષનું વાવેતર કરી અનોખી રીતે ગુજરાતના પનોતા પુત્રને જન્મ દિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સહિત નિયામક મંડળ તથા દૂરડાના તમામ સભ્યો અગાઉના કાર્યક્રમ પ્રમાણે વિવિધ જગ્યાએ ઉપસ્થિત રહી દૂધસાગરના અધિકારીઓ અને વિવિધ કર્મચારીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરી "પહેલાં શ્વેતક્રાંતિ અને હવે હરિયાળી ક્રાંતિ" નો સંકલ્પ વ્યક્ત કર્યો હતો (વૃક્ષારોપણ થકી "નમોવન" બનાવવાના યજ્ઞની સાક્ષી સ્વરૂપ તસ્વીરો)




(મુખ્યસ્થળ - જગુદણ)





(મુખ્ય સમારંભ-જગુદણ)



(વિહાર)




(પાટણ)


(મહેસાણા)
(ખેરાલુ)
(ઉબખલ)
(કડી)
(હારીજ)
(સિરસા-હરિયાણા)
(અટેલા - હરિયાણા)
(કનીના - હરિયાણા)
નમોત્સવ
(જાખલ - હરિયાણા)
(સરવાર - રાજસ્થાન)
(બિન્દાયિકા - રાજસ્થાન)
(બિકાનેર - રાજસ્થાન)
(બુઢાના- ઉત્તર પ્રદેશ)
(જગુદણ-ગુજરાત)

# જગુદણ તાલીમ કેન્દ્ર

## દૂધસાગર પત્રિકાની એક શૈક્ષણિક સફર






(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (દૂધસાગર ડેરી) પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે ઉત્તરો-ઉત્તર નવા અભિગમ અપનાવી વૈજ્ઞાનિક સંશોધનો અને તે મુજબની આધુનિક તાલીમ આપી પશુધન થકી પોતાના દૂધ ઉત્પાદકો પ્રગતિના નવા પંથ સદાય સર કરે તે દ્રષ્ટિકોણ અપનાવતી આવી છે.

**જગુદણ તાલીમ કેન્દ્રના આંગણે હાલમાં પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીના "સ્ટાર્ટઅપ ઈન્ડિયા" અને "સ્કીલ ઈન્ડિયા" નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે**

તાજેતરમાં અમે જગુદણ ખાતે ચાલતા દૂધસાગર ડેરી સંચાલિત ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન અહિંના નિષ્ણાત દૂધસાગર ડેરીના ડૉક્ટરો પાસેથી જાણવા મળ્યું કે પશુપાલકોના દિકરાઓને "બિજદાન કર્મચારી" તરીકેની ટ્રેનિંગ આપતી આ ૫૨ મી બેન્ચ અત્યારે ટ્રેનિંગ લઈ રહી છે. એક તરફ ભારતના અન્ય રાજ્યોમાં જે તાલીમ કેન્દ્રનો વિદ્યાર્થી દીઠ ખર્ચ ૬૦ હજારથી વધુ આવે છે ત્યારે આપણા સંઘ દ્વારા માત્ર ૫ હજાર જેટલી મામુલી રકમમાં એક વિદ્યાર્થીને રહેવા-જમવા અને અન્ય સગવડો સાથે એક માસ માટે "ઈનરૂમ" અને બે માસ માટે "ફિલ્ડ ટ્રેનિંગ" આપી નિષ્ણાત બિજદાન કર્મચારી તૈયાર કરવામાં આવે છે.

વર્તમાન સમયે ચાલી રહેલી ૫૨ મી બેચના વિદ્યાર્થીઓ સાથેની "દૂધસાગર પત્રિકા" ની અમારા વાર્તાલાપ દરમિયાન અમને જાણવા મળ્યું કે અહિં ઉત્તર ગુજરાતના દૂર-સુદૂરના પશુપાલકોના દિકરા ટ્રેનિંગ લઈ રહ્યા છે. આ ટ્રેનિંગ સેન્ટરમાં પ્રવેશ માટે શૈક્ષણિક લાયકાત કરતાં પશુ પ્રત્યેની લાગણીને વિશેષ ધ્યાનમાં લેવામાં આવે છે. સદર તાલીમકેન્દ્રમાં પ્રવેશ માટે દૂધસાગર સાથે જોડાયેલી સ્થાનિક દૂધ મંડળી પોતાના સભાસદના એક દિકરાને બિજદાન કર્મચારી તરીકેની ટ્રેનિંગ લેવાનો ઠરાવ કરે છે. ત્યારબાદ, ટ્રેનિંગ સેન્ટરના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા પસંદ પામેલા યુવાનનું ઈન્ટરવ્યુ અને શૈક્ષણિક પ્રમાણપત્રોનું ચેકીંગ કરે છે. ત્યારબાદ સ્થાનિક દૂધમંડળી દ્વારા ૫ હજાર ફી ભરવામાં આવે છે અને ત્યારબાદ પસંદગી પાત્ર યુવાનની ટ્રેનિંગ શરૂ થાય છે. એક બેંચમાં ૨૦ થી ૨૫ તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. અમારી આ મુલાકાત દરમ્યાન અમે જોયું કે આ તાલીમાર્થીઓને સવારે દૂધ અને નાસ્તો, બપોરે પૌષ્ટીક ભોજન, સાંજે ચા-નાસ્તો અને રાત્રે ભોજન સહિતનું ભોજન ઉદાર ભાવથી પીરસવામાં આવે છે. આ સિવાય, તેમને સુવા માટેની ઉત્તમ વ્યવસ્થાનું અમે નિરીક્ષણ કર્યું. વાંચવા માટેની લાયબ્રેરી તથા રમત-ગમતના સાધનો સહિત કુદરતી શૌચક્રિયા માટેની તમામ સગવડોએ અમને અભિભૂત કર્યા. વાતચીત દરમ્યાન, અમને જાણવા મળ્યું કે ; અહિંથી તૈયાર થયેલા બિજદાન કર્મચારી પશુપાલકોના દિકરા લગભગ તમામ ગામડાના રહેવાસી હોવાના કારણે ઢોર-ઉછેર કરનાર દૂધ ઉત્પાદકોને વ્યાજબી ખર્ચથી ઉત્તમ બિજદાન કરાવનાર નિષ્ણાતો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે છે. એક જાણકારી પ્રમાણે અહિંથી તૈયાર થનાર યુવાનો પોતાના આ હુન્નરથી સરળતાથી માસિક ૧૫ થી ૨૫ હજાર રૂપિયાની રોજગારી પ્રાપ્ત કરી લેતા હોય છે. એ રીતે જોતાં પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદીના "સ્ટાર્ટઅપ ઈન્ડિયા" અને "સ્કીલ ઈન્ડિયા" નું સ્વપ્ન પણ અહીં સાકાર થઈ રહ્યું છે. કૃત્રિમ બિજદાનના આ તાલીમ કેન્દ્રમાં હાલમાં ઈન્ચાર્જ ડૉ.કે. એચ. પટેલ (ભગત) સહિત ડૉ.એમ.ડી પટેલ, ડૉ.એમ.એ ચૌધરી, ડૉ.વી.એમ. પટેલ અને ડૉ.પી.એ. પટેલ ઉત્કૃષ્ટ સેવાઓ આપી રહ્યા છે.

**સાથી હાથ બઢાના... એક અકેલા થક જાયેગા**

# મિલકર બોજ ઉઠાના

## દૂધસાગરના સર્વાંગી વિકાસ માટે ફેડરેશનની ટીમ ROUND THE CLOCK



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

તાજેતરમાં ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ) ના MD શ્રી.આર. એસ. સોઢીએ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના ધારૂહેડા (હરિયાણા) અને માનેસર (દિલ્હી-NCR) ની બે દિવસીય મુલાકાત લીધી હતી. આ દરમ્યાન તેઓએ પ્લાન્ટ ખાતે ફરજ બજાવતા અધિકારીઓ સાથે ONE-TO-ONE મુલાકાતો લઈ દૂધસાગરના આ પ્રોડક્શન હાઉસની મશીનરીનો મહત્તમ ઉપયોગ કેમ કરી શકાય ? તેની જાણકારી મેળવી હતી.



દિલ્હી સહિતના વિસ્તારોમાં દૂધસાગરની વિવિધ પ્રોડક્સના વેચાણ અંગેના માર્કેટની વિસ્તૃતી માટે પણ તેઓએ ચર્ચા કરી હતી. આ દિશામાં ફેડરેશન અને દૂધસાગર ભવિષ્યમાં સાથે મળી એક પ્રગતિનો નવો ROAD MAP તૈયાર કરે તે અંગે પણ તેમણે જરૂરી સૂચનો કર્યા હતા. અધિકારીઓ સાથેના આ મનોમંથન બાદ તેઓએ ધારૂહેડાના કર્મચારીઓના રહેઠાણ સ્થળની જાત માહિતી મેળવી તેમની સમસ્યાઓને જાણી તેના ઉકેલ અંગે ખાતરી આપી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ) ના MD શ્રી.સોઢી સાહેબે સાંજનું વાળુ માનેસર ખાતે સામાન્ય કર્મચારીઓ વચ્ચે સંસ્થાની કેન્ટીનમાં કર્યું હતું.

## દૂધસાગરના ચેરમેનશ્રીના વરદ હસ્તે

### સોનાર (સમી) ની દૂધ મંડળીનો શુભારંભ



મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને તેમના સાથી એવા નિયામક મંડળના તમામ સદસ્યો ૨૪X૩૬૫ ના હિસાબથી આ સંસ્થાનો ભવ્ય ભૂતકાળ ફરી જીવંત બને તે દિશામાં પ્રયત્નશીલ બન્યા છે. તાજેતરમાં સમી તાલુકાના સોનાર ગામની મંડળીના નૂતન મકાનનો શુભારંભ કરાવતા ચેરમેનશ્રીની એક લાક્ષણિક તસવીર (દૂધસાગર પત્રિકા)

# સોના માં સુગંધ ભળી સેવાભાવી સ્વભાવના વ્યક્તિત્વને સરકારના આરોગ્ય મંત્રાલયની જવાબદારી મળી

## સતત ૧૪ વર્ષથી પ્રજાનો વિશ્વાસ અકબંધ રાખનાર

## "ઋષિકેશભાઈ"ને મંત્રીપદની સાગર શુભકામનાઓ



ઈ.સ.૨૦૦૭ થી વર્તમાન સમય સુધી સતત વિસનગર વિધાનસભા સીટના ધારાસભ્ય તરીકે એક નવો ઈતિહાસ રચનાર અને ઉત્તર ગુજરાતના જાહેર જીવનને પોતાની સાહજિકતા તથા સરળતાથી ઉજ્જવળ કરનાર શ્રી.ઋષિકેશભાઈ પટેલની તાજેતરમાં ગુજરાતની ભુપેન્દ્રભાઈ પટેલની સરકારમાં કેબિનેટ કક્ષાનું મંત્રીપદ મેળવવા બદલ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દુધસાગર ડેરી) અને તેની સાથે સંકળાયેલા લાખો પશુપાલકો તેમજ કર્મચારીઓ વતીથી અભિનંદનની ફુલવર્ષા !! સામાન્ય માણસ પણ સરળતાથી પોતાના જન પ્રતિનિધીને મળી શકે-વાત કરી શકે-પોતાની સમસ્યાનું સમાધાન લાવી શકે તેવું વ્યક્તિત્વ અને વ્યવસ્થા ગોઠવનાર ઉત્તર ગુજરાતની ગામડાની નાળ પારખનાર આ ભૂમિ પુત્રને મંત્રીપદની લાખ લાખ શુભકામનાઓ (દૂધસાગર પત્રિકા)

### હારીજ CS વિભાગ દ્વારા અમૂલના સ્થાપક ડૉ.વર્ગીસ કુરિયનને શ્રદ્ધાંજલિ અપાઈ



(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

ગત તારીખ ૯ સપ્ટેમ્બરના રોજ હારીજ CS વિભાગની ટીમ દ્વારા રાફૂ (૫૭૮) દૂધ મંડળી અને ભદ્રાડા દૂધ મંડળી ૯૪૮ ખાતે ડૉ. વર્ગીસ કુરિયન સાહેબની પુણ્યતીથી નિમિત્તે બી.એમ.સી. સફાઈ કાર્યક્રમ તેમજ ભેંસ લોન અંગે પશુપાલકોને સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ.વર્ગીસની આત્મકથા "મારુ સ્વપ્ન" વાંચન કરી તેમની સ્થાપેલ અમૂલ પેટર્નને રાષ્ટ્રીય આર્થીક સમૃધ્ધિ માટે વેગ આપવાનું આહવાન કરાયું હતું.

### દૂધસાગરના નિયામક મંડળના ચેરમેન સહિત તમામ સભ્યોએ ભુપેન્દ્રભાઈ પટેલ ની સરકારના મંત્રીઓને રૂબરૂ મળી અભિવાદન વ્યક્ત કર્યું





તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકારના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રી.ભુપેન્દ્રભાઈ પટેલ ના નેતૃત્વમાં રચાયેલા નવા મંત્રી મંડળમાં નવા ચેહરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના વિકાસમાં નવો ઉત્સાહ - નવો ઉમંગ અને નવો જોશ વર્તાય તે માટે દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી.અશોકભાઈના નેતૃત્વમાં દૂધસાગર નિયામક મંડળના તમામ સભ્યોએ મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓની રૂબરૂ મુલાકાત લઈ ડેરીની શુકનવંતી પંચધાતુની ગાયની સ્મૃતિ આપી અભિવાદન કર્યું હતું.



# દૂધસાગરના કર્મયોગી કર્મચારીઓની આત્મ શાંતિ માટે શાંતિપાઠ યજ્ઞનું આયોજન થયું

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

આજથી ૧૦ વર્ષ અગાઉ 3 જી સપ્ટેમ્બર -૨૦૧૧ ના ગોઝારા દિવસે દૂધ સાગર ડેરીના ફેક્ટરી વિભાગમાં ગેસ બ્લાસ્ટ થતાં આ સંસ્થાએ એક સાથે ૧૨ કર્મયોગી અધિકારી અને કર્મચારીઓ ગુમાવ્યા હતા જેની વેદના આજે પણ દૂધસાગરની લાગણી સભર દિવાલો અનુભવી રહી છે. પોતાના કર્મપથ પર આખરી શ્વાસ લેનારા સ્વ.વિરસંગભાઈ ચૌધરી (મગરોડા), સ્વ.કાંતિભાઈ ચૌધરી (દેલા), સ્વ.સંજયભાઈ ચૌધરી (ગુંજા),સ્વ.દિનેશભાઈ ચૌધરી (લક્ષ્મીપુરા -ઉનાવા),સ્વ.કૌશીકભાઈ ચૌધરી (મેઘાઅલિયાસણા),સ્વ.સુદિપ્ત પાલિત (અમદાવાદ) સ્વ.રક્ષિત બ્રહ્મભટ્ટ (મહેસાણા), સ્વ.અલ્પેશભાઈ સુથાર (ઉદલપુર), સ્વ. સમીરભાઈ પટેલ (પીંઢારપુરા), સ્વ.પિયુષભાઈ દવે (મહેસાણા), સ્વ.દિનેશભાઈ સોલંકી (બોરીયાવી) અને પાછળ થી સારવાર દરમ્યાન ડેરીના ઉચ્ચ અધિકારી સ્વ.હરિભાઈ ચૌધરી (લક્ષ્મીપુરા-ઉનાવા) ના કરુણ મૃત્યું થવા પામ્યુ હતું.

3 જી સપ્ટેમ્બર ૨૦૧૧ ના આ દુખદ દિવસને દૂધસાગર કદાપિ ભુલી શકે તેમ નથી ! ત્યારે ઉપરોક્ત ઘટનામાં જીવ ગુમાવનાર અધિકારી તેમજ કર્મચારીઓની આત્મશાંતિ માટે તથા દૂધસાગર એક પરિવાર તરીકે મૃતક શહિદોના પરિવારને સાંત્વના આપી શકે તેવા ઉમદા આશય થી દુઘર્ટનાના ફેક્ટરી સ્થળે જ મૃતકોના સ્વજનોની હાજરીમાં શાંતિપાઠ સહિત ધાર્મિક પુજાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી, નિયામક મંડળ, અધિકારીઓ, કર્મચારીઓ સહભાગી બન્યા હતા.

# તંદુરસ્ત પશુધન એજ આ વ્યવસાયનો પ્રાણાધાર

## ગાયોમાં ઓછા ફેટ અને SNF : કારણો અને ઉપાય

**ડૉક્ટરની ડાયરી**

ભારતના દૂધ ઉત્પાદનનો ૭૫% હિસ્સો નાના અને સીમાન્ત ખેડૂતો પાસેથી આવે છે. દૂધ ઉત્પાદન ખર્ચમાં ૭૦% હિસ્સો ખાણ-દાણ નો હોય છે આથી તેની પોષણક્ષમતામાં વધારો દૂધ ની ગુણવત્તા અને ઉત્પાદકતામાં વધારો કરે છે. વિશ્વ બજારમાં ટકવા અને સ્પર્ધા આપવા માટે સારા ફેટ, SNF, ઓછા બેકટેરિયલ કાઉન્ટ અને એન્ટિબાયોટીક ફ્રી હોવું જરૂરી છે. **દૂધની ગુણવત્તા** : દૂધમાં ફેટનો આધાર જીનેટીક ફેક્ટર ઉપરાંત ખોરાક અને વાતાવરણ પર રહેલો છે. લો ફેટનું કારણ ઓછા ફાઈબરવાળો ખોરાક, સલ્ફરની ઉણપ, વધારે પ્રોટીન, વિયાણનો શરૂઆતનો ગાળો, ગરમ અને ભેજવાળું વાતાવરણ અને દોહવાની ખોટી પદ્ધતિઓ તથા ભેળસેળ હોય છે. લો SNF સામાન્ય રીતે પ્રોટીનના સાથે ફરમેન્ટેડ ફાઈબર, અપૂરતું બાયપાસ પ્રોટીનનું પ્રમાણ છે. રાશન બેલેન્સીંગ અને પૂરતી માત્રામાં લીલો ઘાસચારો આપવાથી ઓછા ફેટ અને SNF ના પ્રશ્નનું સમાધાન થઈ શકે છે. ઓછા ફેટના કારણો. જિનેટીક : દેશી ગાયની સરખામણીએ HF ગાય અને તેની ક્રોસબ્રિડ આનુવંશીક રીતે ઓછા ફેટ ધરાવે છે. મિલ્ક ફેટ દૂધના જથ્થા ના વ્યસ્ત પ્રમાણમાં હોય છે એટલે કે વધારે દૂધ આપતી ગાયના ફેટ ઓછા હોય છે. વિયાણના શરૂઆતના સમયે, વધારે દૂધના જથ્થા વખતે સામાન્યતઃ HF ગાયમાં 3.૫% જેટલાં ઓછા ફેટ હોય છે. **લો ફાઈબર ઈન્ટેક** : અપૂરતા સૂકા કે લીલા ઘાસચારાના કારણે ગાયના રૂમેનમાં એસીટેટ અને બ્યુટ્રેટ નું અપૂરતું ઉત્પાદન થવાથી ફેટ ઓછા બને છે. પશુના કુલ આહારમાં 30% ફાઈબરનું પ્રમાણ જરૂરી છે. પશુને દરરોજ તેના કુલ વજનના ઓછામાં ઓછો ૧% જેટલો લીલો ઘાસચારો આપવો અત્યંત જરૂરી છે. દરેક પશુને પ્રતિ દિવસ ૨૫ KG લીલુ ઘાસ આપવું જોઈએ. આ ઘાસને ૧-૨ ઈંચના ટુકડામા આપવું જોઈએ. વધારે નાના ટુકડા કરવાથી પણ રૂમેનમાં અપૂરતું ફર્મેન્ટેશન અને પ્રોટીન સિથેસીસ થવાથી ફેટ અને SNF ઘટે છે. યોગ્ય પ્રમાણમાં સૂકા ઘાસની સાથે કઠોળ અને લીલું ઘાસ આપવાથી ફેટ અને SNF વધે છે. હાઈ સોલ્યુબલ સુગરનું વધારે પ્રમાણમાં કોન્સન્ટ્રેશન : મકાઈ જેવા હાઈ કોન્સન્ટ્રેટેડ ખોરાકનું વધારે પડતું પ્રમાણ અને લો ફાઈબરનું પ્રમાણ ફેટ ઘટાડે છે. આદર્શ રીતે ૩૫ થી ૪૦% નોન ફાઈબર કાર્બોહાઈડ્રેડ જરૂરી છે. વધુ પડતું રાંધેલું અનાજ અને સાઈલેજ આપવાથી પશુના રૂમેનમાં એસિડ ઉત્પન્ન થાય છે. રાંધેલા અનાજની સાથે ૫૦-૧૦૦ ગ્રામ જેટલો ખાવાનો સોડા આપવાથી આ સમસ્યા થતી નથી. વધારે ફેટ અને ઓઈલી પદાર્થો ખોરાકમાં આપવાથી. પશુના રૂમેનમાં ફેટી એસિડ પેદા થાય છે જે બાવલામાં મેમરી ગ્લેન્ડમાં ફેટ સિંથેસીસ પ્રક્રિયા ને અસર કરે છે. ઘાસચારાનો ઓછો ઉપયોગ અને વધુ હાઈ કોન્સન્ટ્રેટેડ ખોરાક રૂમેનમાં એસિડ પેદા કરી ફેટનું બંધારણ તોડે છે. **પ્રોટીન અને સલ્ફરની ઉણપ** : રૂમેનમાં ફાર્મેન્ટેશન પ્રક્રિયા ધીમી કરી ફેટ અને SNF ઘટાડે છે. આ માટે બાયપાસ પ્રોટીન આપવું જરૂરી છે. કપાસિયા ખોળ, કઠોળ, સૂકું અને લીલું ઘાસ અને દાણનું મિશ્રણ આપવાથી યોગ્ય માત્રામાં બાયપાસ પ્રોટીન મળી રહે છે. **કોન્સનટ્રેટ ફીડ અને ફોડરનો આપવાનો ક્રમ** : સૂકો ઘાસચારો આપવાથી પશુના મોઢામાં લાળ બને છે જે રૂમેનમાં એક લેયર બનાવી એસિડથી બચાવે છે. ચાફ કટર થી કાપેલું ઘાસ અને દાણનું મિશ્રણ યોગ્ય વિકલ્પ છે જે ચયાપચયની ક્રિયા વધારે છે પશુનું સ્વાસ્થ્ય પણ સુધારે છે. યુરિયા પ્રક્રિયા કરેલ સૂકો ચારો : ઘઉંના નાળવા, રાગી, મકાઈ અથવા જુવારના પૂળા નાના કટકામાં ચાફકટર થી કાપીને તેમાં ૧૦ કિગ્રા ઘાસમાં ૨૦૦ ગ્રામ યુરિયા, ૨૦૦ ગ્રામ મોલાસીસ નાખીને મિક્ષ કરીને યુરિયા પ્રક્રિયા કરવાથી તેની ન્યુટ્રીશન વેલ્યુ સારા પ્રમાણમાં વધે છે. ટોટલ મિક્ષ રાશન (TMR): પશુને જરૂરી લીલો, સૂકો ઘાસચારો, દાણ અને પૂરક આહારનું યોગ્ય માત્રામાં મિશ્રણ કરીને આપવાથી તેની પાચન ક્રિયા સુધરે છે અને તમામ પોષણ મળીને દૂધ અને ફેટ-SNF માં વધારો થાય છે, ખોરાક નો બગાડ અટકી ખર્ચામાં ઘટાડો થાય છે. જેનાથી પશુની ઉત્પાદકતામાં વધારો થાય છે અને નફાકારકતા વધે છે. **ઋતુઓની અસર** : ગરમ ઋતુમાં ઉનાળામાં ફેટમાં ઘટાડો થાય છે. હિટ સ્ટ્રેસ ના કારણે ગાયના શરીરનું તાપમાન વધવાથી લાળ ઉત્પન્ન થવામાં ઘટાડો થાય છે તથા મેમરી ગ્લેન્ડમાં ફેટ સિંથેસીસની પ્રક્રિયા ઘટે છે. આથી ગરમીમાં પશનું રહેઠાણ ઠંડુ રાખવાથી, યોગ્ય વેન્ટિલેશન અને પાકું ઢાળિયું રાખવાથી યોગ્ય પરિણામ મળે છે. આ સમસ્યાને હલ કરવા માટે સારી ગુણવત્તાવાળા લીલા ઘાસચાળાને કઠોળ સાથે અને TMR સાથે સંતુલિત કરીને ખવડાવવાથી રૂમેનમાં પોષક તત્વોનું વધુ સારું પાચન પાચન થઈ ફેટ અને એસ.એન.એફ.માં વધારો કરે છે.

**(સંકલન : દૂધસાગર પત્રિકા)**

# સાગર અંજલિ





## ના ઈન્સાન તુમસે તુમ્હારે બાદ આયે ...
## આજ માનસિંહભાઈ આપ બહોત યાદ આયે !!

દૂધસાગર ડેરીના દરવાજે મારી ગાડી પહોંચે અને સ્વ.માનસિંહભાઈ અને મોતીભાઈની યાદ ના આવી હોય તેવું કદાપિ બન્યું નથી. ઘણીવાર વિચારું છું કે દૂધસાગરના આ સ્વપ્ન દ્રષ્ટા ઉત્તર ગુજરાતની આ ધરતી પર પેદા ન થયા હોત તો શું થાત ? પણ, ધરતી માં વાંઝણી નથી .. નરરત્નો પરિસ્થિતી ના પાતાળમાંથી પેદા કરતી હોય છે. આ સંસ્થા ના મૂળીયાં સ્વ. માનસિંહભાઈએ રોપ્યા છે અને તેના રખોપાં સ્વ.મોતીભાઈએ કર્યા છે. આ તપસ્વીઓની તપેલી ગાદી ઉપર બેસવાનું સૌભાગ્ય એજ જીવનની ધન્યતા છે.

માનસિંહભાઈની વહીવટીય દીર્ઘદ્રષ્ટિ અને સમષ્ટિનું સુખ જોવાની ઉદાર નજર તથા "આપણી ડેરી એ સૌની ડેરી" જેવો સાક્ષીભાવ કેળવીએ એજ આ મહાત્માને સાચી શ્રધ્ધાંજલિ !!

**જૈના વિના ઉત્તર ગુજરાતના લાખો પશુપાલકોનો આ ઉજ્જવળભવિષ્ય શક્ય નહોતું એવા સાર્થક જીવન જીવનાર નરશાર્દૂલ માનસિંહ પટેલને ૫૧ મી પુણ્યતીથી એ દંડવંત પ્રણામ**



અશોક ચૌધરી (ચેરમેન)
મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ પરિવાર

## અખિલ ભારતીય પ્રથમ સહકારી સંમેલનમાં દૂધસાગરે પોતાનું પ્રતિનિધીત્વ નોંધાવ્યું






તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલ સહકારીતા મંત્રાલય ના ગઠન બાદ ઈફ્કો દ્વારા નવી દિલ્હી ખાતે ઈન્દિરાગાંધી ઈન્ડોર સ્ટેડીયમમાં સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહના અધ્યક્ષ પદે અખિલ ભારતીય સહકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભારતભરના સહકારી આગેવાનો ઈન્ટરનેટના માધ્યમથી જોડાયા હતા આ સંમેલનનો મુખ્ય હેતું સહકારી આગેવાનોના દ્રષ્ટિકોણને જાણી સરકાર નવી સહકારી નીતી ના ઘડતરનું કામ આવતા વર્ષ સુધીમાં પૂર્ણ કરવાની છે. ગરીબ કલ્યાણ, અંત્યોદય એ સહકારીતા વિના શક્ય નથી તેમ જણાવતાં સહકાર મંત્રીશ્રી. અમિતભાઈ શાહે "સહકાર અને સરકાર" સાથે મળી જો કામ કરશે તો ૫૦ ખર્વ રૂપિયાની અર્થ વ્યવસ્થા તથા ગ્રામિણ ભારતને આર્થિક રીતે વધુ સશક્ત અને સક્ષમ બનાવવામાં મદદ મળશે. આ તબક્કે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતીથી ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીએ નવી દિલ્હી ખાતે પ્રતિનિધીત્વ કર્યું હતું. કાર્યક્રમના અંતે મોદી સરકારના ગૃહમંત્રી અને નવનિયુકત સહકાર મંત્રી શ્રી.અમિતશાહે અંગત રીતે ગુજરાતના સહકારી આગેવાનો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા